# પ્રેસ નોટ

માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ ગુજરાત માહિતી આયોગમાં મળતી બીજી અપીલ / ફરિયાદ અંગે સુનાવણી રાખી કેસના ગુણદોષ પ્રમાણે આયોગ તરફથી હુકમ કરવામાં આવે છે. આયોગના હુકમોમાં જણાવેલ સમય મર્યાદામાં તેનો અમલ કરવાનો હોય છે પરંતુ રાજય માહિતી આયોગના ધ્યાન પર આવેલ છે કે ઘણા કેસોમાં સંબંધિત જાહેર માહિતી અધિકારી / અપીલ સત્તાધિકારી આયોગના હુકમનો સમય મર્યાદામાં અમલ કરવામાં વિલંબ કરે છે. પરિણામે સંબંધિત અરજદાર ધ્વારા આયોગના હુકમનો અમલ થતો નથી તેવી ફરિયાદ કરવામાં આવે છે. જેથી આયોગના હુકમનો સમય મર્યાદામાં અમલ નહીં કરવા માટે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને અપીલ સત્તાધિકારી સામે માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવાની આયોગને ફરજ પડે છે તેમજ આયોગના કામકાજમાં નોંધપાત્ર વધારો થાય છે. આથી માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ- ૨૦૦૫ હેઠળ આવતાં તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારી તેમજ અપીલ સત્તાધિકારીઆને ગુજરાત માહિતી આયોગના હુકમોનો જણાવેલ સમય મર્યાદામાં અમલ કરવા જણાવવામાં આવે છે.